નં. ટીપીડી/આ/ ૪૮૭૭
તા.૨૪/૧૦/૨૦૦૭

પ્રતિ,
અગ્ર સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગ ,
બ્લોક નં. ૧૪, સચિવાલય,
ગાંધીનગર.

વિષયઃ– મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૭૪ (પાલ) નો ઈરાદો જાહેર કરવા બાબત.

સંદર્ભઃ– ધી ગુજરાત ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ એકટ–૧૯૯૯ ની કલમ–૪૧(૨).

મહાશય,

મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૭૪ (પાલ) તૈયાર કરવાનો ઈરાદો અત્રેની નગર નિયોજન સમિતિના તા. ૦૬–૧૦–૦૭ ના ઠરાવ નં. ૪૩/૨૦૦૭ થી જાહેર કરવામાં આવેલ છે. જે અંગેનું અધિસુચન સરકારી રાજયપત્રમાં તા. ૧૦–૧૦–૦૭ ના સપ્લીમેન્ટ ટુ ધી સેન્ટ્રલ ગેઝેટ એન્ડ સેન્ટ્રલ સેકશન પાર્ટ–૨, અસાધારણ અંક નં. ૬૧ પાના નં. ૧૯૯ માં પ્રસિધ્ધ થયેલ છે. સદર રાજય પત્રની એક નકલ તથા સ્કીમની હદ દર્શાવતા નકશાની નકલ નંગ–૧ આ સાથે સામેલ છે.

ઉપરોકત અધિસુચન સરકારી રાજય પત્રમાં પ્રસિધ્ધ થયા બાદ સદરહુ અધિસુચન બે ગુજરાતી સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી પૂર્ણ કરી તા. ૧૧–૧૦–૨૦૦૬ ના બે ગુજરાતી સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, પરંતુ દરમ્યાનમાં તા. ૧૦–૧૦–૨૦૦૭ ના રોજ ભારતના ચૂંટણી પંચ ધ્વારા ગુજરાત રાજય વિધાનસભાની ચૂંટણી અંગેની જાહેરાત થયેલ હોવાથી ચૂંટણીને લગતી આચાર સંહિતા અમલમાં આવી ગયેલ, જેથી અધિસુચન સ્થાનિક દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવાની કામગીરી અટકાવી દેવામાં આવી હતી તથા સદરહુ અધિસુચન સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરવા મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી, ગુજરાત રાજયની જરૂરી મંજુરી મેળવવા માટે અત્રેથી પત્ર ક્રમાંક : ટીપીડી/૪૭૬૭, તા.૧૨/૧૦/૨૦૦૭ તથા પત્ર ક્રમાંક : ટીપીડી/૪૮૫૨, તા.૧૮/૧૦/૨૦૦૭ થી મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીને પત્ર પાઠવી જરૂરી મંજુરી આપવા વિનંતી કરવામાં આવેલ છે. (નકલ આ સાથે સામેલ છે.) જે અન્વયે મુખ્ય ચૂંટણી

અધિકારીશ્રી તરફથી સદરહુ અધિસુચન દૈનિક વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરવા અંગે આજપર્યંત મંજુરી/ હકારાત્મક પ્રતિભાવ મળેલ નથી.

ઉપરોકત હકીકતે આ તબકકે સદરહુ અધિસુચન સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ થઈ શકેલ નથી.ચૂંટણીને લગતી આચાર સંહિતાની અવધિ પૂર્ણ થયેથી સદરહુ અધિસુચન દૈનિક વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરી તેની નકલ આપશ્રીને પાઠવવામાં આવશે. જે આપશ્રીને વિદિત થવા વિનંતી.

બિડાણઃ– ઉપર મુજબ

કમિશનર

નકલ સ.રવાનાઃ–

(૧) મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, ભોંયતળિયું તથા બીજો માળ, બ્લોક નં. ૧૪, જીવરાજ મહેતા ભવન, જુનુ સચિવાલય, ગાંધીનગર પ્રતિ... જાણ સારૂ.

(૨) પ્રવર નગર નિયોજકશ્રી, સાઉથ ગુજરાત રીજીયોન, કોઠી કચેરી કંપાઉન્ડ, વડોદરા પ્રતિ... જાણ સારૂ.